# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯

Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com


==========================================================================

અખબારી યાદી તા. ૨૭-૦૬-૨૦૨૨

- **યુવાનો સાથે વિશ્વાસઘાત સમાન 'અગ્નિપથ' યોજના વિરુદ્ધ કોંગ્રેસ પક્ષે સમગ્ર ગુજરાતની ૧૦૦ થી વધુ વિધાનસભા બેઠકો પર વિરોધ પ્રદર્શન યોજાયા: ઠેર ઠેર કોંગ્રેસના કાર્યકરો-આગેવાનો-ધારાસભ્યોની થઈ અટકાયત.**
- **કેન્દ્ર અને રાજ્ય સરકારના કુલ ૬૨ લાખ સરકારી પદ ખાલી જે પૈકી ૨ લાખ ૫૫ હજાર પદ ભારતીય સૈનામાં ખાલી છે તેને તાત્કાલિક ભરવા, અગ્નિપથ યોજના પરત લો, જે અગ્નિ વિરો પર થયેલ કેસ પરત લેવા કોંગ્રેસ પક્ષની માંગ**

ગુજરાતની ૧૦૦ થી વધુ વિધાનસભા વિસ્તારમાં યુવા વિરોધી 'અગ્નિપથ' યોજનાનો વિરોધ બાદ પત્રકાર સાથે વાતચીત કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી જગદીશ ઠાકોરે જણાવ્યું હતું કે, 'વિશ્વાસઘાત સમાન અગ્નિપથ' યોજના કેન્દ્રની ભાજપ સરકારે અવિચારી- તઘલખી નિર્ણયનો ભોગ દેશનો યુવા બની રહ્યો છે, કૃષી કાયદા, નોટબંધી, જીએસટી, લોકડાઉન અને જમીન અધિગ્રહણ જેવા ફરમાનનો ભોગ જનતા બની, હવે સરકાર અગ્નિપથ યોજના દેશના યુવાનો પર થોપી રહી છે. ભરતીના સ્થાને હવે અગ્નિપથ ના આધારે સરકાર કોન્ટ્રાક્ટથી ભરતી કરવા જઈ રહી છે, કોન્ટ્રાક્ટના આધારે સેનામાં ભરતીનો કોંગ્રેસ પક્ષ વિરોધ કરે છે તાત્કાલીક કાયમી ભરતી કરવા માંગ કરે છે. સેનામાં ભરતી થવા ઈચ્છતા યુવાનો માટે આ અપમાન છે.દેશના યુવાનોના કૌશલ્યનું યોગ્ય ઉપયોગ નહી થાય તો દેશ યોગ્ય દિશમાં આગળ નહી વધે,જ્યારે કોઈ અગ્નિવિર ચાર વર્ષ બાદ સેનામાંથી નિવૃત થશે ત્યારે તેણે માત્ર ૧૧ લાખ મળશે, ૧૧ લાખમાં તેને પોતાનું બાકીનું જીવન ગુજારવું પડશે,સેનામાં જવા ઈચ્છુક યુવાને આ યોજનાને પગલે આત્મહત્યા કરી, તે આત્મહત્યા નહી હત્યા છે તેની જવાબદાર ભાજપ સરકાર છે, આ યોજનાને તાત્કાલિક પરત લો સંસદનું સત્ર બોલાવો, છેલ્લા બે વર્ષમાં ૫૦ હજાર યુવાનોએ ભરતી પ્રક્રિયા પાસ કરી નિમાણુંકની રાહ જોતા હતા, અચાનક કેન્દ્ર સરકારની અગ્નિપથ યોજના જાહેર કરી હજારો યુવાનોનું સૈન્યમાં જોડાઈને રાષ્ટ્રીય સેવાનું સ્વપ્ન રોળાઈ ગયું. હવે ૨૩ વર્ષ થઈ જતાં આશાઓ મરી પરવાની. કેન્દ્ર અને રાજ્ય સરકારના કુલ ૬૨ લાખ સરકારી પદ ખાલી જે પૈકી ૨ લાખ ૫૫ હજાર પદ ભારતીય સેનામાં ખાલી છે તેને તાત્કાલિક ભરવા, અગ્નિપથ યોજના પરત લો, જે અગ્નિ વિરો પર થયેલ કેસ પરત લેવા કોંગ્રેસ પક્ષની માંગ છે.

અહિંસક રીતે દેખાવો કરનારને સરકાર ધમકાવી રહી છે, ડરાવી રહી છે, કોંગ્રેસ પક્ષ ગાંધી ચિંધ્યા માર્ગે દેશના તમામ વિધાનસભા ક્ષેત્રમાં અગ્નિપથ યોજના પરત લેવાની માંગ સાથે વિરોધ પ્રદર્શન કરી રાષ્ટ્રીય સુરક્ષા, દેશ હિત, માતૃભુમી માટે સેવા, બલિદાન કરવા ઉત્સુક યુવાનો માટે કોંગ્રેસ પક્ષ લડત આપતો રહેશે. દેશની સુરક્ષા અને યુવાનોના હિતમાં અગ્નિપથ યોજના પરત લેવાની માંગ સાથે ગુજરાતની ૧૦૦ થી વધુ વિધાનસભા બેઠકો પર કોંગ્રેસના ધરણા - વિરોધ પ્રદર્શન યોજી યુવાનોનું અસુરક્ષિત ભાવિ અને રાષ્ટ્રીય સુરક્ષા સામે ખતરારૂપ "અગ્નિપથ" યોજના અંગે રાજ્યભરમાં દેખાવો કર્યા હતા. જ્યાં લશ્કરની ભરતી થાય છે, ત્યાં ઉમેદવારો ને રહેવાની, કુદરતી પ્રક્રિયા કરવાની કોઈ વ્યવસ્થા નથી હોતી આવા ઉમેદવારોને રેલવે સ્ટેશન, દુકાનના ઓટલા કે ધર્મશાળામાં રોકાય છે, ગુજરાતના યુવાનો સેનામાં ભરતી માટે ફિટનેસ નથી હોતા,તેના માટે ભાજપ સરકાર જવાબદાર છે. ગુજરાતના યુવાનોને કુપોષિત આ ભાજપ સરકાર કરી રહી છે. **ભાજપના નેતાઓ પાછળ કરોડો રૂપિયાના તાયફા ના બદલે સેના પર ખર્ચ કર્યા હોત તો આજે દેશની સરહદો સુરક્ષિત હોત. નર્યા જુઠ્ઠાણા, ભ્રામક પ્રચાર અને રોચક સુત્રોના જોરે દેશની પ્રજાને ગુમરાહ કરીને પોતાની એકમાત્ર સત્તા કબજે કરવાની મુરાદ પાર પડ્યા પછી ભાજપ છેલ્લા આઠ વર્ષથી દેશને અંધકારની ગર્તામાં ધકેલી રહ્યો** છે. પ્રજાના સળગતા પ્રશ્નોથી પ્રજાનું ધ્યાન બીજે દોરવા વૈમનસ્યપૂર્ણ ભાવનાઓ ભડકાવીને ભાજપ દેશને મુઠ્ઠીભર મુડીપતિઓને હવાલે કરી રહ્યો છે.ભાજપની આ વિનાશકારી નીતિઓના આવા જ નિર્ણયોમાં તાજેતરમાં દેશના બેરોજગાર અને સેનામાં ભરતી થવા ઈચ્છતા યુવાનો સામે ક્રૂર અને ઘાતક મજાકરૂપે "અગ્નિપથ" નામની યોજના યુવાનો માટે હકીકતમાં તો બરબાદીના પથ જેવી યોજના છે. દેશની રક્ષા કરવા માટે જાત ન્યોછાવર કરવા તૈયાર આપણા યુવાનોનું ભવિષ્ય સુરક્ષિત કરવા જ્યાં. સુધી "અગ્નિપથ" યોજના રદ કરવામાં નહી આવે ત્યાં સુધી તેનો વિરોધ કરવામાં આવશે.

નોંધ: આ સાથે કાર્યક્રમના ફોટોગ્રાફ ઈ-મેલ કરેલ છે.

( ડૉ. મનિષ એમ. દોશી)
મુખ્ય પ્રવક્તા